# અમદાવાદમાં સુરતનો મુસાફર ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ફસાયો

**RPF** જવાની સમયસૂચકતા અને બહાદુરીને પગલે જીવ બચ્યો

અમદાવાદ : અમદાવાદ રેલવે સ્ટેશન પર આજે સવારે ગાંધીધામ તરફ જતી એક ટ્રેનમાં સુરતના એક પ્રવાસી દ્વારા જનરલ કોચમાં ચડવાનો પ્રયાસ કર્યો ત્યારે અચાનક પગ લપસતા ટ્રેન અને પ્લેટફોર્મની વચ્ચે ફસાઈ ગયા હતા. જોકે આરપીએફ જવાનની સમયસૂચકતા અને બહાદુરીને કારણે આ પ્રવાસીનો જીવ બચી ગયો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતા સોશિયલ મીડિયામાં વાયરલ થઈ હતી

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ ગાંધીધામ જવા માટે સુરત ખાતે રહેતા મહેન્દ્રભાઈ મહેતા ટ્રેનમાં પ્રવાસ કરી રહ્યા હતા, તે દરમિયાન આ ટ્રેન અમદાવાદ પ્લેટફોર્મ નંબર-1 ઉપર આવી હતી ત્યારે મહેન્દ્રભાઈ ચા નાસ્તો કરવા ટ્રેનમાંથી નીચે ઉતર્યા હતા, તે દરમિયાન ટ્રેન અચાનક રવાના થતા મહેન્દ્રભાઈ દોડીને જનરલ કોચમાં ચડવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં તેમનો પગ લપસતાં તેઓ ટ્રેન અને પ્લેટફોર્મની વચ્ચે ફસાઈ ગયા હતા.

આ સમયે પ્લેટફોર્મ પર ફરજ પરના આરપીએફ જવાનનું ધ્યાન જતા તેઓએ સર્તકતા દાખવીને બહાદુરીપૂર્વક દોટ મૂકી ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ફસાયેલા મહેન્દ્રભાઈને બળપૂર્વક બહાર સુરક્ષિત ખેંચી કાઢ્યા હતા. સદ્નસીબએ સુરતના પ્રવાસી મહેન્દ્રભાઈ મહેતાને કોઈ મોટી ઈજાઓ થવા પામી નહોતી. આરપીએફ જવાની આ હિમતપૂર્વકની કામગીરીને રેલ્વેના ઉચ્ચ અધિકારીઓએ બિરદાવી હતી.

# આજે ગાજવીજ સાથે વરસાદનું 'યલો એલર્ટ'

**રાજકોટ**-સુરેન્દ્રનગર ૩૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે સૌથી ગરમ



અમદાવાદ : ગુજરાતમાં ઉનાળાની શરૂઆત સાથે જ ગરમીનો પ્રકોપ વધવા લાગ્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન ૩૫ ડિગ્રીને પાર કરી ગયું છે. બીજી તરફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે હવામાન વિભાગે આવતીકાલે એટલે કે ૭ એપ્રિલના રોજ રાજ્યના વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી સાથે 'યલો એલર્ટ' જાહેર કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૩ દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં. જોકે, ત્યારબાદ તાપમાનમાં ધીમે-ધીમે ૨ થી ૪ ડિગ્રીનો વધારો થવાની પ્રબળ શક્યતા છે, જેને પગલે રાજ્યમાં ગરમીનું જોર વધશે. વરસાદી માહોલને જોતા ખેડૂતોને સાવચેત રહેવા અને કાપણી કરેલા પાકને સુરક્ષિત રાખવા સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગના આંકડા મુજબ, રાજ્યમાં અત્યારે સૂર્યનો મિજાજ આકરો જણાઇ રહ્યો છે. રાજકોટ અને સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ૩૬ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું છે.

જ્યારે અમદાવાદ, ગાંધીનગર, ભૂજ, વડોદરા, સુરત, અમરેલી અને વલ્લભ વિદ્યાનગરમાં પારો ૩૫ ડિગ્રી સેલ્સિયસ રહ્યો છે. જ્યારે નલિયા, પોરબંદર અને મહુવામાં તાપમાન ૩૨ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. દમણમાં ૨૭ ડિગ્રી સાથે સૌથી ઓછું તાપમાન રહ્યું છે.

હવામાન વિભાગ મુજબ દક્ષિણ કાસ્પિયન સમુદ્ર વિસ્તારમાં એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સાયક્લોનિક સર્ક્યુલેશન રૂપે સક્રિય બન્યું છે. જોકે અગાઉનું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ હવે ગુજરાત માટે અસરકારક રહ્યું નથી. આગામી ત્રણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં ખાસ ફેરફાર થવાની શક્યતા નથી, પરંતુ ત્યારબાદ તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આ વચ્ચે, આવતીકાલે તા. 7 એપ્રિલ 2026ના રોજ ગુજરાતના કેટલાક જિલ્લાઓ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ અને નર્મદા જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની સાથે ગાજવીજ અને 30 થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, મોરબી, દ્વારકા તથા કચ્છ જિલ્લામાં પણ છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.

# ખડગે ગુજરાતીઓની માફી માંગે: સીએમ ભૂપેન્દ્ર પટેલ

**ખડગેએ** સાડા છ કરોડ ગુજરાતીઓનું અપમાન કર્યું છે: નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

ગાંધીનગરઃ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓને 'અભણ' અને 'મૂર્ખ'ના કહેવાતા નિવેદન સામે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નિવેદનને સાડા છ કરોડ ગુજરાતીઓ અને મહાત્મા ગાંધી-સરદાર પટેલની પુણ્યભૂમિનું અપમાન ગણાવી કોંગ્રેસની માનસિકતા પર આકરા સવાલો ઉઠાવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત વિરુદ્ધ ઝેર ઓકવું એ કોંગ્રેસની વર્ષો જૂની આદત છે. તેમણે કોંગ્રેસના શાસનકાળ દરમિયાન ગુજરાતને થયેલા અન્યાયોની યાદી આપી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ ખડગેના નિવેદનને ગુજરાતીઓના અસ્મિતા અને ગૌરવનું હનન ગણાવ્યું હતું. સંઘવીએ કહ્યું હતું કે ખડગેએ સાડા છ કરોડ ગુજરાતીઓનું અપમાન કર્યું છે, તેનાથી પ્રજામાં કોંગ્રેસ પ્રત્યે ભારે આક્રોશ છે.તેમણે કોંગ્રેસ અધ્યક્ષને સણસણતા સવાલો કર્યા હતા.

### મહાપાલિકાની ચૂંટણી પૂર્વે ભાવનગરમાં રાજકીય ડ્રામા

# ભાજપના પૂર્વ મહિલા કોર્પોરેટર બે કલાક કોંગ્રેસમાં 'આંટો' મારી આવ્યાં

**વોર્ડ** નં.3ના પૂર્વ કોર્પોરેટર સેજલબેન ગોહિલે કોંગ્રેસમાં જોડાઈને એવું કહ્યું હતું કે, પોતે ભાજપમાં અસુરક્ષિત છે

**પરત** ભાજપમાં ફરીને એવું કહ્યું કે, મને કોઈએ ભટકાવ્યાં હતાં, પણ મને મારી ભૂલ સમજાઈ ગઈ છે

ગાંધીનગરઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા ભાવનગર શહેરના રાજકીય વર્તુળોમાં આજે એક અજીબોગરીબ ઘટના બની હતી, જેમાં વોર્ડ નંબર-3ના મહિલા કોર્પોરેટર સેજલબેન ગોહિલે માત્ર બે કલાકના ગાળામાં જ પક્ષપલટો કરીને ફરી ભાજપમાં વાપસી કરતા ચકચાર મચી ગઈ છે. આજે બપોરે સેજલબેન ગોહિલે અચાનક ભારતીય જનતા પાર્ટી સાથે છેડો ફાડી વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાવાનો નિર્ણય લીધો હતો. કોંગ્રેસ દ્વારા આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં તેમના પક્ષ પ્રવેશની જાહેરાત કરવામાં આવી હતી, જ્યાં સેજલબેને ભાજપમાં પોતે અસુરક્ષિત હોવાનો ગંભીર આક્ષેપ કરી કોંગ્રેસનો હાથ પકડ્યો હતો. જોકે, આ આશ્ચર્યજનક નિર્ણય લાંબો સમય ટક્યો નહીં અને માત્ર બે જ કલાકના ટૂંકા ગાળામાં સેજલબેન ગોહિલે ફરી પલટી મારી ભાજપમાં ઘરવાપસી કરી લીધી હતી.

પક્ષમાં પરત ફર્યા બાદ તેમણે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, "મને કોઈએ ભટકાવ્યા હતા, પરંતુ હવે મને મારી ભૂલ સમજાઈ ગઈ છે, તેથી હું ફરી મારા મૂળ પક્ષ ભાજપમાં પરત ફરી છું." આ સમગ્ર ઘટનાએ શહેરના રાજકીય માહોલને ગરમાવી દીધો છે. બીજી તરફ, શહેર કોંગ્રેસ પ્રમુખ મનહરસિંહ ગોહિલએ જણાવ્યું હતું કે, સેજલબેનને કોંગ્રેસમાં લાવવા માટે કોઈપણ પ્રકારનું પ્રલોભન આપવામાં આવ્યું નહતું. તેમણે ઉમેર્યું હતું કે, ભાજપમાં અસુરક્ષિતતા અનુભવીને જ સેજલબેને કોંગ્રેસમાં જોડાવાનો નિર્ણય લીધો હતો. માત્ર બે કલાકમાં થયેલા આ પક્ષપલટાએ ભાવનગરના રાજકારણમાં નવી ચર્ચાઓને જન્મ આપ્યો છે ૧૨૦ મિનિટમાં ખેલાયેલા આ રાજકીય ખેલને કારણે ભાવનગરના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. ચૂંટણી પૂર્વે આ પ્રકારે થયેલા પક્ષપલટા અને ત્વરિત ઘરવાપસીએ મતદારોમાં અને કાર્યકરોમાં અનેક તર્ક-વિતર્ક જગાવ્યા છે, જેની અસર આગામી મતદાન પર કેવી પડશે તે જોવું રસપ્રદ રહેશે.

# અમદાવાદના ચાંદખેડામાં ઢોંસા ખાધા બાદ બે બાળકીનાં મોત

**ફૂડ** પોઈઝનિંગ કે કંઈક બીજું? કેસમાં રહસ્ય ઘેરાયું

**ખીરાનાં** સેમ્પલ FSLમાં મોકલાયાં

અમદાવાદ : 1 એપ્રિલના રોજ પરિવારના વિમલ પ્રજાપતિએ ચાંદખેડાના આઈઓસી રોડ પર આવેલી ઘનશ્યામ ડેરીમાંથી આશરે 3 કિલો ઢોંસાનું ખીરું ખરીદ્યું હતું. ઘરે ઢોંસા બનાવી ખાધા બાદ તે જ રાત્રે વિમલભાઈને ઉલ્ટીઓ શરૂ થઈ અને તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આગલા દિવસે વિમલભાઈની પત્ની ભાવનાબેન અને ચાર વર્ષની દીકરીએ પણ તે જ ખીરું ખાધું હતું, જેના પગલે તેમની તબિયત પણ ગંભીર રીતે બગડી હતી.

પરિવારના જણાવ્યા અનુસાર, ભાવનાબેને પોતાની ત્રણ મહિનાની બાળકીને ફીડિંગ કરાવ્યું હતું, જેના બાદ બાળકીની તબિયત બગડી અને તેનું મોત નિપજ્યું. ત્યારબાદ સારવાર દરમિયાન ચાર વર્ષની બાળકીનું પણ 4 એપ્રિલે મોત થયું હતુ.

પરિવારો આક્ષેપ છે કે ઢોસાના ખીરૂના કારણે આ ઘટના બની છે. જેના પગલે ડેરી સંચાલકોએ જણાવ્યું કે તે દિવસે લગભગ 80-90 કિલો ખીરું તૈયાર કરવામાં આવ્યું હતું અને અનેક ગ્રાહકોએ ખરીદ્યું હતું, પરંતુ અન્ય કોઈ ગ્રાહક તરફથી ફરિયાદ મળી નથી. સીસીટીવીના આધારે અન્ય ગ્રાહકોની પણ તપાસ કરવામાં આવી હતી, જેમાં કોઈને તકલીફ ન હોવાનું સામે આવ્યું છે.આ ઘટના બાદ અમદાવાદ મનપાના ફૂડ વિભાગ અને પોલીસ દ્વારા ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે. જ્યારે ફ્રુડ વિભાગ દ્વારા ડેરીમાંથી ખીરાના નમૂનાઓ લેવામાં આવ્યા છે, પોલીસ દ્વારા આ ખીરાને એફએસએલ તપાસ માટે મોકલી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. પેનલ પોસ્ટમોર્ટમ અને લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ બહાર આવશે.

ચાંદખેડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે અને તમામ સંભવિત એંગલથી કેસની તપાસ ચાલી રહી છે. હાલ સમગ્ર મામલો રહસ્યમય બન્યો છે. શું આ ફૂડ પોઈઝનિંગનો કેસ છે કે પાછળ કોઈ બીજું કારણ છે તે હજી સ્પષ્ટ થયું નથી. લેબોરેટરી રિપોર્ટ અને તપાસ પૂર્ણ થયા બાદ જ આ ઘટનાનો સાચો ભેદ ખુલશે.

# ગુજરાતની ચાર ટ્રેન મુંબઈ સેન્ટ્રલ સુધી નહીં દોડશે

**મુંબઈ** સેન્ટ્રલના પ્લેટફોર્મ-5 પર કામ ને પગલે દાદર પર જ ઊભી રહી જશે

### પશ્ચિમ રેલવેની સત્તાવાર યાદી મુજબ આ ટ્રેનો હવે દાદર સુધી જશે

1) સૌરાષ્ટ્ર મેલ (22946): ઓખા થી મુંબઈ સેન્ટ્રલ જતી આ લોકપ્રિય ટ્રેન હવે થી દાદર સ્ટેશન પર જ પ્રવાસ પૂર્ણ કરશે. એટલે કે, આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલ સુધી નહીં જાય.
2) હઝરત નિઝામુદ્દીન-મુંબઈ સેન્ટ્રલ એક્સપ્રેસ (22210): તારીખ 7 એપ્રિલ, 2026 થી શરૂ થનારી આ ટ્રેન દર બુધવાર અને રવિવારે મુંબઈ સેન્ટ્રલ ને બદલે દાદર સ્ટેશન પર પ્રવાસ પૂર્ણ કરશે.
3) કાનપુર અનવરગંજ-મુંબઈ સેન્ટ્રલ (09186): 6 એપ્રિલથી શરૂ થતી આ સ્પેશિયલ ટ્રેન દર મંગળવારે મુંબઈ સેન્ટ્રલ ના બદલે દાદર સુધી જ દોડશે.
4) કાઠગોદામ-મુંબઈ સેન્ટ્રલ એક્સપ્રેસ (09076): 9 એપ્રિલથી શરૂ થતી આ ટ્રેન દર શુક્રવારે દાદર સ્ટેશન પર ટૂંકાવી દેવામાં આવી છે.

સુરત : મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર 5 પર રેલવે દ્વારા હાથ ધરવામાં આવનાર સંપૂર્ણ ટ્રેક નવીનીકરણ (CTR)ના કામને કારણે પશ્ચિમ રેલવેના ટ્રેન વ્યવહારને મોટી અસર પહોંચી છે. રેલવે તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી 60 દિવસનો લાંબો બ્લોક જાહેર કરવામાં આવ્યો હોવાથી, મુંબઈ સેન્ટ્રલ સુધી જતી કેટલીક મહત્વની ટ્રેનો હવે દાદર સ્ટેશન પર જ ટૂંકાવી દેવામાં આવી છે. આ ફેરફારને પગલે સૌરાષ્ટ્ર અને ઉત્તર ભારત થી આવતા મુસાફરોએ હવે મુંબઈ સેન્ટ્રલ જવાને બદલે દાદર સ્ટેશન પર ઉતરવું પડશે.રેલવે તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે પ્લેટફોર્મ પર ટ્રેક બદલવાનું કામ અત્યંત અનિવાર્ય હોવાથી આ બ્લોક લેવામાં આવ્યો છે. 60 દિવસ સુધી મુસાફરોએ દાદર ઉતરીને અન્ય લોકલ ટ્રેન કે સાધનો દ્વારા મુંબઈ સેન્ટ્રલ તરફ જવાનું રહેશે.

# અમદાવાદ-રાજકોટ RTOને બોમ્બથી ઉડાવવાની ધમકી

**વડોદરા**-સુરતમાં પણ થ્રેટના કારણે બોમ્બ-ડોગ સ્ક્વોડની તપાસ

**ટ્રેક** ટેસ્ટ માટે આવેલા હજારો લોકોને પરત મોકલાયા




રાજકોટ : અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત RTOને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. ધમકી મળતા RTO કચેરી ખાલી કરાવાઈ છે. ટ્રેક ટેસ્ટ માટે આવેલા હજારો લોકોને પણ પરત મોકલવામાં આવ્યા છે. હાલમાં તમામ RTOમાં પોલીસ દ્વારા બોમ્બ-ડોગ સ્કવોડને સાથે રાખીને તપાસ કરવામાં આવી છે. સુરત RTO કેમ્પસમાં વાંધાજનક ચીજવસ્તુ મળી નથી-DCP, સુરત

સુરતના ડીસીપી લખધીરસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, કેમ્પસ ઈવેક્યુએટ કરાવી એન્ટી સેબોટેજ ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. એન્ટી સેબોટેજ ચેકિંગ દરમિયાન કોઈપણ પ્રકારની વાંધાજનક ચીજવસ્તુ અથવા તો એ પ્રકારની કોઈપણ બાબત જણાઈ આવેલ નથી. અને ટૂંક સમયમાં RTO કચેરીનું રાબેતા મુજબની કામગીરી ચાલુ કરવામાં આવી રહેલ છે.

વધુમાં કહ્યું કે, કોઈપણ પ્રકારની ચિંતાજનક અથવા ભયની બાબત ન હોય, લોકોને શાંતિ જાળવી અને પોતાની કામગીરી RTO કચેરી ખાતે ચાલુ રાખવા માટે અપીલ કરવામાં આવે છે. ઈમેઈલની તપાસ સાઈબર સેલની ટીમ દ્વારા કરવામાં આવી રહેલ છે. ઈમેઈલ ક્યાંથી મોકલવામાં આવેલ છે અને તેના અંગેની જે ટેકનિકલ બાબતો છે, તેના માટે સુરત સાઈબર સેલની ટીમ અલગથી કાર્યવાહી કરી રહી છે. રાજકોટ RTO કચેરીમાં અલગ અલગ શાખાની કચેરીની ચીજવસ્તુઓનું ચેકીંગ કરવામાં આવ્યું હતું. જ્યારે વડોદરા આરટીઓ કચેરીમાં બોમ હોવાની ધમકી મળતા કેટલાય અરજદારો અટવાઈ પડ્યા હતાં. અંદાજે બેથી ત્રણ કલાકથી આરટીઓ કચેરીની બહાર રાહ જોઈ રહ્યા હતાં. જોકે તમામ અરજદારોને આવતીકાલની એપાઈન્ટમેન્ટ આપવામાં આવી. અમદાવાદ સુભાષબ્રિજ RTO કચેરીને બોમ્બથી ઉડાવવાની વહેલી સવારે ધમકી RTO વેબસાઈટ ઉપર મળી હતી. RTO નીરવ બક્ષીએ પોલીસને જાણ કરી હતી કે, બપોરે 12.50 કલાકે 13 બોમ્બ ફાટશે તેવી ધમકી મળી છે. ડોગ-બોમ્બ સ્કવોડ દ્વારા ચેકીંગ કરવામાં આવ્યું છે.

### જહાંગીરપુરામાં મોબાઈલમાં વાત કરતી વખતે ચોથા માળેથી પટકાતાં યુવકનું મોત

સુરતઃ જહાંગીરપુરામાં મોબાઈલમાં વાત કરતી વખતે ચોથા માળેથી પટકાતાં યુવકનું મોત નિપજ્યું હતું.

જહાંગીરપુરા સુભાષ ગાર્ડન પાસે આવેલ SMC કવાર્ટરમાં 22 વર્ષીય રાકેશકુમાર ભૈયાલાલ ચૌહાણ પરિવાર સાથે રહેતો હતો અને મજૂરી કામ કરીને પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. રવિવારે સાંજે તે ઘરના ચોથા માળે આવેલ અગાસી પર ફોન પર વાત કરી રહ્યો હતો, ત્યારે અકસ્માતે તે નીચે પટકાયો હતો. જેથી તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે મોબાઈલ પર લોકો એટલા મશગુલ થઈ જાય છે કે વાત મોત સુધી પહોંચી જાય છે ગઈકાલે પણ એક યુવાન ટ્રેન નીચે કપાઈ ગયો હતો.

# 40 લક્ઝરી બસોને મેમો ફટકારાતા ફફડાટ

**આડેધડ** પાર્કિંગ કરનારાનાં લાઈસન્સ પણ રદ કરવાની પોલીસની ચેતવણી



સુરત : સુરતના પ્રવેશદ્વાર ગણાતા કામરેજ ચાર રસ્તા પર ટ્રાફિકની જટિલ સમસ્યાને હળવી કરવા માટે કામરેજ પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે. રિક્ષાચાલકો બાદ હવે આડેધડ પાર્કિંગ કરતી લક્ઝરી બસો સામે પણ પગલાં લેવામાં આવી રહ્યા છે.

લાંબા સમયથી કામરેજ ચાર રસ્તા પર રિક્ષાચાલકો અને ખાનગી ટ્રાવેલ્સના ડ્રાઈવરો દ્વારા આડેધડ પાર્કિંગ કરીને પેસેન્જરો ભરવામાં આવતા હતા, જેના કારણે રોડ પર ટ્રાફિકનું ભારે ભારણ રહેતું હતું. કામરેજ પોલીસ મથકમાં પી.આઈ. તરીકે ચાર્જ સંભાળ્યા બાદ આર.બી. ગોઝિયાએ ટ્રાફિક નિયમન માટે કડક ઝુંબેશ હાથ ધરી છે. પોલીસ દ્વારા સતત સૂચનાઓ આપવા છતાં નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો સામે કાયદેસરના પગલાં લેવામાં આવ્યા છે.

ગત 4 તારીખના રોજ ટ્રાફિકને અડચણરૂપ ઉભી રહેતી 50 જેટલી રિક્ષાઓને ડિટેન કરવામાં આવી હતી. રિક્ષાચાલકો સામેની કાર્યવાહી બાદ ગત રાત્રે આડેધડ પાર્કિંગ કરનારી 40 જેટલી લક્ઝરી બસોને ઓનલાઈન મેમો ફટકારવામાં આવ્યા છે. આડેધડ પાર્કિંગ કરનારા ટ્રાવેલ્સ ચાલકો સામે BNS કલમ 285 મુજબ ગુના દાખલ કરવા પી.આઈ. આર.બી. ગોઝિયાએ સ્પષ્ટ ચેતવણી આપતા જણાવ્યું હતું કે, કામરેજ ચોકડી વિસ્તાર 'નો-પાર્કિંગ ઝોન' છે. જો કોઈ રિક્ષા કે લક્ઝરી બસ ચાલક રોડ દબાવીને પાર્કિંગ કરશે કે પેસેન્જર ભરશે, તો તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પોલીસની આ આક્રમક કાર્યવાહીથી ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.માં આવ્યા છે અને તેમના લાયસન્સ રદ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે.

### સુડોકુ ૬૪૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | | | ૧ | | ૫ | | ૩ |
| ૯ | | ૨ | ૮ | ૩ | ૫ | | | ૬ |
| ૧ | | | ૬ | | ૯ | | | |
| | | | | | ૧ | | | ૨ |
| | ૧ | | ૯ | ૨ | ૩ | ૪ | | ૭ |
| ૨ | ૫ | | | | | | | ૯ |
| ૪ | ૨ | ૯ | | | ૭ | ૮ | ૬ | ૧ |
| | ૮ | ૧ | | | ૪ | | ૩ | |
| | ૭ | | ૧ | | ૮ | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ઉનાળાનું અમૃત

ઉનાળાનું ત્રીજું અમૃત! લીલા નાળિયેરનું પાણી, જલ - ક્ષય મટાડે ભલે જાત હોય બફાતા.

## આજનું પંચાંગ

**તા. 07/04/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** વદ: પાંચમ: 16:35
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 17
**યોગ :** વ્યતિપાત **કરણ:** ગર
**નક્ષત્ર :** જયેષ્ઠા:29:55 સુધી જન્મેલાની જયેષ્ઠા અને તે પછી મૂળની શાંતિ કરાવવી
**રાશિ:** વૃશ્ચિક (ન,ય) 29:55 પછી ધન (ભ,ધ,ફ,ઢ)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:28 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:54
**નવકારસી :** 07:16
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 26મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 18મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે:- 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** પારિવારિક વેપારમાં નફો વધશે. પરિવારમાં તાલમેળથી સમસ્યાનું સમાધાન થાય. ઉઘરાણી આવી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ,):** ઉત્સાહવર્ધક સમાચાર મળે. પ્રવાસમાં મિલન-મુલાકાત થાય. કોઈ નવું કામ મળી જાય. પરિવારનો સાથ મળે. આવક વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** કોઈની વાતોમાં આવવુ નહી. પ્રવાસમાં સાવધાન. અચાનક બિનજરૂરી ખર્ચા વધશે. લેવડ-દેવડમાં ધીરજ.

**કર્ક (ડ,હ,):** ભેટ કે ઈનામ મળી શકે છે. કોઈને મળવાથી ખુશી વધશે. મિત્રો સાથે મનોરંજન થાય. પ્રેમમાં પ્રગતિનો અનુભવ.

**સિંહ (મ,ટ,):** નવા કામની શરૂઆત થાય. આવક વધારવાની નવી યોજના બને. સમાજમાં માન વધે. અચાનક નવા ફેરફાર થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** નોકરીમાં પ્રમોશન થઈ શકે છે. પરિવાર સાથે ધાર્મિક યાત્રા થાય. વિદેશના કામમાં મદદ મળે.

**તુલા (ર,ત,):** પડવા-વાગવાથી સાવધાન. આરોગ્ય નરમ રહે. આવક વધે. વાદ-વિવાદથી અશાંતિ વધે. મિત્રોનો સાથ.

**વૃશ્ચિક (ન,ય,):** ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. રોજના કામમાં આવક વધે. અચાનક શુભ સમાચાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** લેવડ-દેવડમાં સાવધાની રાખવી. હરીફોથી સાવધાન રહેવું. આરોગ્ય નરમ-ગરમ રહે. ખર્ચા વધશે.

**મકર (ખ,જ,):** વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સંતાનોના કામમાં મદદ મળે. મિત્રો સાથે મનોરંજન થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** મિત્રો, પરિવાર સાથે મનોરંજન થાય. બહારના કામમાં પ્રગતિ થાય નવા વાહનની યોજના બને.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉતાવળ કરવી નહી. દલાલીની આવક વધશે. ટેક્નોલોજીનો લાભ મળે. ઉધાર લેવું નહીં.

### કોઈ પણ સાલમાં 07 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધા વ્યવસાયમાં નવા ફેરફાર થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. નોકરી-ધંધા વ્યવસાયમાં હરીફોની હેરાનગતિ વધે. સમાજમાં સામાન્ય રહે. ટેક્નોલોજીનો ઉપયોગ અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવું પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળતી રહે. ઊંમરલાયકના વિવાહ થાય. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં ચડતી-પડતી રહે. વિદેશનો કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. વધારાની આવક માટે મિત્રોની મદદથી યોજના બને. સામાજિક, કાયદાકીય, વારસા, જાયદાદ-જમીન જેવા કામમાં વડીલોનો સાથ મળે. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મ થાય. જૂન-જુલાઈ, સોમ-ગુરુ અને 7,16,25 તારીખ નવાં કામમાં લઈ શકાય. ગુલાબી, સફેદ રંગનો ઉપયોગ કરતાં રહેવું. ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર 5,14, 23 તારીખે નવા કામ ટાળવા. લાલ અને લીલો રંગ ઓછો વાપરવો.

# સુરતના દંપતીનો એક જ રૂમમાં ફાંસો

**લગ્નના** પહેલા જ વર્ષે દંપતીએ સંસાર ટુંકાવ્યો, પરિવારની તટસ્થ તપાસની માગ




સુરત : સુરત શહેરના સિંગણપોર-ડભોલી વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના બની હતી. રાજપૂત ફળિયામાં રહેતા 24 વર્ષીય ભાવેશ ચુડાસમા અને 23 વર્ષીય તેજલ ચુડાસમાએ અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ નવપરિણીત દંપતીના લગ્ન હજુ ગત વર્ષે જ થયા હતા. એક વર્ષના ટૂંકા લગ્નગાળામાં જ બંનેએ આત્મઘાતી પગલું ભરી લેતા ચકચાર મચી ગઈ છે.

પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, આ કરુણ ઘટના ડભોલી ગામના રાજપૂત ફળિયાની એક ચાલના રૂમમાં બની હતી. પત્ની તેજલબેને રૂમમાં કપડાં ધોવાની ચોકડી પાસે છતમાં લાગેલા લોખંડના હૂક સાથે નાયલોનની પટ્ટી બાંધી ફાંસો ખાધો હતો. જ્યારે પતિ ભાવેશભાઈએ તે જ રૂમમાં સીલિંગ ફેનના હૂક સાથે નાયલોનની દોરી બાંધી જીવન ટૂંકાવ્યું હતું. એક જ સમયે બંનેની લાશ લટકતી જોતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

મૃતક ભાવેશ અને તેજલના લગ્ન માત્ર એક વર્ષ પહેલા જ ધામધૂમથી થયા હતા. પડોશીઓના જણાવ્યા મુજબ, બંને વચ્ચે કોઈ મોટો ઝઘડો પણ ક્યારેય ધ્યાને આવ્યો નહોતો. લગ્નના આટલા ટૂંકા ગાળામાં બંનેએ આવું અંતિમ પગલું કેમ ભર્યું તે રહસ્ય હજુ અકબંધ છે. ઘટનાને પગલે આખા ફળિયામાં શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટનાની જાણ થતા જ સિંગણપોર પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે બંનેના મૃતદેહને નીચે ઉતારી પંચનામું કર્યું હતું અને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ મોકલી આપ્યા હતા. જોકે, આત્મહત્યા પાછળનું કોઈ ચોક્કસ કારણ કે 'સુસાઈડ નોટ' મળી આવી નથી. મૃતકના પરિવારે આ મામલે ઊંડી અને તટસ્થ તપાસ કરવાની માગ કરી છે.

આ મામલે એફ-ડિવિઝનના મદદનીશ પોલીસ કમિશનર (ACP) એલ.બી. ઝાલાએ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી દંપતીના મોબાઈલ ફોન અને અન્ય વસ્તુઓ કબજે કરી છે. બંનેએ મરતા પહેલા કોઈને ફોન કર્યો હતો કે કેમ અથવા કોઈ માનસિક તણાવ હતો તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે.

સંબંધી મહેશ સોલંકીએ જણાવ્યું હતું કે, મારા મામાના પુત્ર અને તેની પત્નીએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. તેઓ છેલ્લા 5 વર્ષથી સુરતના ડભોલી વિસ્તારમાં રહેતા હતા અને હીરા ઘસવાનું કામ રત્નકલાકાર તરીકે કરતા હતા. તેમના પરિવારમાં ત્રણ ભાઈઓ, એક બહેન, માતા-પિતા અને દાદા-દાદીનો સમાવેશ થાય છે.